# ગુજરાતી સાહિત્ય

1. ગુજરાતી વ્યાકરણના પ્રણેતા તરીકે કોણ જાણીતું છે?– **હેમચંદ્રાચાર્ય**
2. હેમચંદ્રાચાર્યનું જન્મસ્થળ જણાવો ? : ધંધુકા
3. હેમચંદ્રાચાર્યની વિવિધ કૃતિઓ જણાવો ?: સિદ્ધહૈમ (વ્યાકરણ), અભિધાનચિંતામણિ (કોશ), કાવ્યાનુશાસન, અલંકારશાસ્ત્ર), છંદાનુશાસન (છંદશાસ્ત્ર), પ્રમાણમીમાંસા (ન્યાયશાસ્ત્ર), દ્વયાશ્રય (સંસ્કૃત અને પ્રાકૃત).

4. આદિકવિ તરીકે કોણ જાણીતું છે? – **નરસિંહ મહેતા**
5. નરસિંહ મહેતાનો જન્મ ક્યારે થયો હતો? : 1414
6. નરસિંહ મહેતાનું જન્મસ્થળ ક્યુ છે? : તળાજા
7. નરસિંહ મહેતાની વિવિધ કૃતિઓ જણાવો? કૃતિઓ : સુદામાચરિત્ર, દાણલીલા, ચાતુરીઓ (ભક્તિ રચનાઓ), પુત્રવિવાહ, હૂંડી, કુંવરબાઈનું મામેરૂ.
8. નરસિંહ મહેતાના જાણીતા પદો ક્યાં છે?: અખિલ બ્રહ્માંડમાં, નીરખને ગગનમાં, વૈષ્ણવજન તો તેને કહીએ, મેહુલો ગાજે ને માધવ નાચે, વારી જાઉં રે સુંદર શ્યામ.

9. મધ્યકાલિન ગુજરાતી સાહિત્યમાં પ્રેમ દિવાની તરીકે ગુજરાતી સાહિત્યમાં કોણ જાણીતું છે– **મીરાં**
10. મીરાનો જન્મ ક્યારે થયો? : 1499
11. મીરાનું જન્મ સ્થળ ક્યું છે : મેડતા (મારવાડ)
12. મીરાના ખુબજ જાણીતા પદો જણાવો? : રામ રમકડું જડિયું રે, હાં રે કોઈ માધવ લો, લેને તારી લાકડી, પગ ઘૂંઘરું બાંધ મીરા નાચી રે, વૃંદાવન કી કુંજગલન મેં, હેરી મેં તો પ્રેમદીવાની, રાણાજી હું તો ગિરધરને મન ભાવી,
13. મીરાની જાણીતી કૃતિઓ કઈ છે? નરસિંહ રા માહ્યરા, સત્યભામાનું રૂસણું

14. ગુજરાતી સાહિત્યમાં જ્ઞાની કવિ કે આખાબોલો કવિ તરીકે કોણ જાણીતું છે? – **અખો**
15. અખાનો જન્મ ક્યાં થયો હતો? જન્મ : 1591
16. અખાનું જન્મસ્થળ જણાવો? : જેતલપુર
17. અખાની ખુબજ જાણીતી કૃતિઓ કઈ છે? : પંચીકરણ, ગુરુશિષ્ય સંવાદ, અનુભવબિંદુ, અખેગીતા, કૈવલ્યગીત, બાર મહિના, સાખીઓ, ચિત્તવિચારસંવાદ, કૃષ્ણ ઉદ્ધવ સંવાદ ભક્તિ સભર રચનાઓ : આજ આનંદ મારા અંગમાં ઉપન્યો, શાં શાં રૂપ વખાણું સંતો.

18. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં મહાકવિ તરીકે કોણ જાણીતું છે? – **પ્રેમાનંદ**
19. પ્રેમાનંદનો જન્મ ક્યારે થયો હતો? : 1636
20. પ્રેમાનંદ ક્યાંના વતની હતા? જન્મસ્થળ : વડોદરા
21. ગુજરાતી સાહિત્યના વિકાસ માટે આજીવન શિખા નહી બાંધવાની પ્રતિજ્ઞા કોણે લીધી હતી? - પ્રેમાનંદ
22. ગુજરાતી સાહિત્યમાં માણભટ્ટ તરીકે કોણ જાણીતું છે? - પ્રેમાનંદ

23. પ્રેમાનંદની વિવિધ કૃતિઓ જણાવો?: નરસિંહ મહેતા સંબંધી મામેરું, હૂંડી, શ્રાદ્ધ, હારમાળા અને બીજી રચનાઓ, રણયજ્ઞ, અભિમન્યુ આખ્યાન, સુદામાચરિત, સુધન્વા આખ્યાન, સુભદ્રાહરણ, ઓખાહરણ, દશમસ્કંધ, વિવેક વણજારો.

24. મધ્યકાલિન ગુજરાતી સાહિત્યમાં ઉત્તમ વાર્તાકાર તરીકે કોણ જાણીતું છે? – **શામળ**

25. શામળનો જન્મ ક્યારે થયો હતો? : 1694

26. શામળ ક્યાંનો વતની હતો ? : અમદાવાદ

27. શામળની વિવિધ કૃતિઓ જણાવો?: પદ્માવતી, ચંદ્રચંદ્રાવતી, નંદબત્રીસી, મદનમોહના, સિંહાસનબત્રીસી, સૂડાબહોતેરી, બરાસકસ્તૂરી, શિવપુરાણ, રાવણમંદોદરી સંવાદ, રણછોડજીના શ્લોકો, છપ્પાઓ.

28. ગુજરાતી સાહિત્યમાં ભક્તકવિ તરીકે કોણ જાણીતું છે? – **દયારામ**

29. દયારામનો જન્મ ક્યારે થયો હતો?: 1775

30. મધ્યકાલીન ગજરાતી સાહિત્યના છેલ્લાં પ્રતાપી કવિ તરીકે કોણ જાણીતું છે? - દયારામ

31. દયારામે ક્યાં ક્ષેત્રમાં મુખ્ય પ્રદાન કર્યું? - ગરબીઓ

32. દયારામનું જન્મસ્થળ ક્યું છે : ડભોઈ

33. દયારામની જાણીતી કૃતિઓ જણાવો?રસિક વલ્લભ, ભક્તિપોષણ, રુકમણી વિવાહ, અજામિલ આખ્યાન, પ્રેમરસગીતા, શ્રીકૃષ્ણનામમાહાત્મ્ય, શોભા સલૂણા શ્યામની, શ્યામ રંગ સમીપે ન જાવું, ઋતુવર્ણન.

34. લોકહિત ચિંતક કવિ તરીકે કોણ જાણીતું છે – **કવિ દલપતરામ**

35. કવિ દલપતરામનો જન્મ ક્યારે થયો : 1820

36. મધ્યકાળ અને અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં સર્જન કરનારા સાહિત્યકાર
કોણ છે?- દયારામ

37. કવિ દલપતરામે પિગળ સાહિત્યનો અભ્યાસ ક્યાં કર્યો- મુળી, દેવાનંદ સ્વામી

38. કવિ દલપતરામનું જન્મસ્થળ ક્યું છે : વઢવાણ

39. કવિ દલપતરામની પ્રસિદ્ધ કૃતિઓ કઈ છે?: દલપતકાવ્ય ભાગ 1 – 2, લક્ષ્મી, મિથ્યાભિમાન (નાટક), કાવ્યદોહન, જ્ઞાતિનિબંધ, ભૂતિનિબંધ, બાલવિવાહ નિબંધ, દૈવજ્ઞ દર્પણ, શામળ સતસઈ, કથન સપ્તશતી, તાર્કિક બોધ.

40. કવિ દલપતરામે ફાર્બસ સાથે રહીને કઈ સંસ્થાની સ્થાપના કરી- ગુજરાતી વર્નાક્યુલર સોસાયટી

41. ગુજરાતી સાહિત્યમાં રાસમાં રંગાયેલો પરદેશી તરીકે કોણ જાણીતું છે– **અલેકઝાંડર કિન્લોક ફાર્બસ**

42. એલેકઝાંડર કિન્લોલ ફાર્બસ ક્યાં દેશના હતો ? જન્મસ્થળ : લંડન

43. ફાર્બસે ગુજરાતી સાહિત્યમાં કઈ કઈ કૃતિઓ રચી હતી ?: રાસમાળા ભાગ 1 – 2, ગુજરાતી ભાષાની પ્રશિષ્ટ કૃતિઓનું સંકલન અને સંપાદન.

44. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં ગુજરાતનુ ગૌરવ તરીકે કોણ જાણીતું છે – **નર્મદ**

45. અર્વાચીનોનો આદ્ય તરીકે કોણ ઓળખાય છે? નર્મદ

46. ગુજરાતી સાહિત્યમાં પ્રાણવંતો પૂર્વજ તરીકે કોણ જાણીતું છે?- નર્મદ

47. ગુજરાતી સાહિત્યના ક્યાં સાહિત્યકારે નર્મદને પ્રાણવંતો પૂર્વજ કહ્યો હતો? - કનૈયાલાલ મુનશી

48. નર્મદનો જન્મ ક્યારે થયો હતો? : 24 – 8 – 1833

49. નર્મદનું જન્મસ્થળ ક્યું છે? : સુરત

50. નર્મદના માનમાં સુરતમાં કઈ સાહિત્ય સંસ્થાની સ્થાપના કરાઈ? - નર્મદ સાહિત્ય સભા

51. નર્મદની વિવિધ કૃતિઓ જણાવો?નર્મકવિતા, નર્મગદ્ય, પિંગળપ્રવેશ, અલંકારપ્રવેશ, નર્મકોશ, મારી હકીકત, રાજ્યરંગ, કૃષ્ણકુમારી, શ્રી દ્રોપદી દર્શન, સીતાહરણ, શ્રી સારશાકુન્તલ, કવિ અને કવિતા, કવિચરિત્ર, સજીવારોપણ.

52. ગુજરાતી સાહિત્યમાં 'સરસ્વતીચંદ્ર' ના સર્જક તરીકે ક્યાં સાહિત્યકાર જાણીતા છે? – **ગોવર્ધનરામ ત્રિપાઠી**

53. ગુજરાતી સાહિત્યમાં સર્જાયેલ મહાનવલ સરસ્વતીચંદ્ર કેટલા ભાગમાં છે? ચાર

54. સરસ્વતીચંદ્રની નાયિકા કોણ હતી? કુમુદ સુંદરી

55. ગોવર્ધનરામનો જન્મ ક્યારે થયો હતો? જન્મ : 20 – 10 – 1855

56. ગોવર્ધનરામનો જન્મ ક્યા સ્થળ થયો હતો?: નડિયાદ

57. ગોવર્ધનરામની વિવધ કૃતિઓ જણાવો: સરસ્વતીચંદ્ર ભાગ 1 – 4, સ્નેહમુદ્રા, સાક્ષરજીવન, કવિ દયારામનો અક્ષરદેહ, સ્ક્રેપબુક, લીલાવતી જીવનકલા.

58. ગુજરાતી સાહિત્યમાં અભેદ માર્ગના પ્રવાસી તરીકે કોણ જાણીતું છે?– **મણિલાલ નભુભાઈ દ્વિવેદી**

59. મણિલાલ નભુભાઈનો જન્મ ક્યારે થયો હતો ?: 26 – 9 – 1858

60. મણિલાલ નભુભાઈનું જન્મસ્થળ ક્યું છે : નડિયાદ

61. કૃતિઓ : કાન્તા, નૃસિંહાવતાર (નાટકો), ગુલાબસિંહ, સુદર્શન ગદ્યાવલી, પ્રાણવિનિમય, નારી પ્રતિષ્ઠા, ગુજરાતના બ્રાહ્મણો, સિદ્ધાંતસાર (નિબંધ), માલતી માધવ, ઉત્તમ રામચરિત (રૂપાંતર), પ્રેમજીવન, શિક્ષાશતક (કવિતા).

62. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં સાહિત્યના ઉજાગર, ગુજરાતી સાહિત્યમાં કણ્વ તરીકે કોણ જાણીતું છે?– **નરસિંહરાવ દિવેટિયા**

63. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં અંગ્રેજી ઢબની કવિતોઓ રચવાની શરૂઆત વાસ્તવિક રીતે કોણે કરી? – નરસિંહરાવ દિવેટિયા

64. નરસિંહરાવ દિવેટીયાનો જન્મ ક્યારે થયો હતો? 3 – 9 – 1859

65. નરસિંહરાવ કોના પુત્ર હતો? પ્રસિદ્ધ સાહિત્યકાર ભોળાનાથ દિવેટીયા

66. નરસિંહરાવનો જન્મ ક્યાં સ્થળ થયો હતો : અમદાવાદ

67. નરસિંહરાવની કીર્તિદા કૃતિઓ કઈ છે?: કુસુમમાળા, હૃદયવીણા, નૂપુરઝંકાર, સ્મરણસંહિતા, મનોમુકુર ભાગ 1 – 4, સ્મરણમુકુર, નરસિંહરાવની રોજનીશી, ગુજરાતી લેંગ્વેજ અને લિટરેચર ભાગ 1 – 2 , વિવર્તલીલા, તરંગલીલા (નિબંધ)

68. ગુજરાતી સાહિત્યમાં ખંડકાવ્યોના સર્જક તરીકે ક્યાં કવિ જાણીતા છે? – **મણિશંકર રત્નજી ભટ્ટ ‘કાન્ત‘**

69. કવિ કાન્તનો જન્મ ક્યારે થયો? : 20 – 11 – 1867

70. કવિ કાન્ત ક્યાંના વતની હતા : ચાવંડ (અમરેલી)

71. કાન્તની વિવિધ કૃતિઓ જણાવો?: પૂર્વાલાપ (કાવ્યસંગ્રહ), રોમન સ્વરાજ્ય, ગુરુ ગોવિંદસિંહ, દુખી સંસાર (નાટકો), શિક્ષણનો ઇતિહાસ, સંવાદમાલા, સિદ્ધાંત સારનું અવલોકન, હીરામાણેકની મોટી એક ખાણ, કુમાર અને ગૌરી (વાર્તાઓ).

72. ગુજરાતી સાહિત્યમાં એકમાત્ર હાસ્યનવલકથા ‘ભદ્રંભદ્ર‘ના સર્જક તરીકે કોણ જાણીતું છે?– **રમણભાઈ નીલકંઠ**

73. રમણભાઈ નીલકંઠનો જન્મ ક્યારે થયો હતો? : 13 – 3 – 1868

74. રમણભાઈ નીલકંઠનો જન્મ ક્યાં સ્થળ થયો હતો? : અમદાવાદ

75. રમણભાઈ નીલકંઠની કૃતિઓ જણાવો ?: ભદ્રંભદ્ર, શોધમાં (નવકથાઓ), રાઈનો પર્વત (નાટક), હાસ્યમંદિર (નિબંધો) કવિતા અને સાહિત્ય 1 – 4 , ધર્મ અને સમાજ 1 – 2

76. ગુજરાતી સાહિત્યમાં ધર્મનો તારો તરીકે કોણ જાણીતું છે? – **આનંદશંકર ધ્રુવ**

77. ગુજરાતી સાહિત્યના વિદ્વાન વિવેચક અને ભાષાસંશોધક તરીકે કોણ જાણીતું છે?- આનંદશંકર ધ્રુવ

78. આનંદશંકર ધ્રુવનો જન્મ ક્યારે થયો ?: 25 – 2 – 1869

79. આનંદશંકરનો જન્મ ક્યાં સ્થળ થયો હતો? : અમદાવાદ

80. આનંદરશંકરની વિવિધ કૃતિઓ જણાવો?: કાવ્યતત્વ વિચાર, સાહિત્યવિચાર, આપણો ધર્મ, હિન્દુ ધર્મની બાળપોથી, ધર્મવર્ણન, વિચારમાધુરી, હિન્દુ (વેદ) ધર્મ,

81. ગુજરાતી સાહિત્યમાં આનંદશંકરે ક્યાં મેગેઝેનીનું દિગ્દર્શન, તંત્રી પદ પર રહ્યાં હતા : સુદર્શન.

82. ગુજરાતી સાહિત્યમાં ઉત્તમ સોનેટ રચનાર કવિ તરીકે કોણ જાણીતું છે? – **બળવંતરાય ક.ઠાકોર**

83. બળવંતરાય ઠાકોર ક્યાં ઉપનામથી જાણીતા હતો?- સેહની

84. બળવંતરાયનો જન્મ ક્યારે થયો ? : 23 – 10 – 1869

85. બળવંતરાયનું જન્મસ્થળ ક્યું છે? : ભરૂચ

86. ઉમાશંકર જોષી અને સુંદરમે કાવ્ય દિક્ષા કોની પાસે લીધી હતી?- બ.ક.ઠાકોર

87. બ.ક.ઠાકરની વિવિધ કૃતિઓ જણાવો ?ભણકાર ધારા ભાગ 1 – 2 , ઉગતી જવાની, લગ્નમાં બ્રહ્મચર્ય, દર્શનિયું, કવિતાશિક્ષણ, પ્રયોગશાળા, પંચોતેરમે.

88. ગુજરાતી સાહિત્યમાં ક્યાં રાજાએ સાહિત્યને ઉત્તમ પ્રદાન કર્યું છે?–**સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ ‘કલાપી‘**

89. સુરસિંહજી તખ્તસિહજી ગોહીલ ક્યાં ઉપનામથી જાણીતા છે? - કલાપી

90. કલાપી ક્યાંના રાજા હતા? -લાઠી

91. કલાપીનો જ્મ ક્યાંરે થયો હતો? - જન્મ : 26 – 1 – 1874

92. કલાપી કેટલા વર્ષ જીવ્યાં હતા? 26 વર્ષ

93. કલાપીનું જન્મસ્થળ ક્યું છે : લાઠી

94. કલાપીએ ગુજરાતી સાહિત્યમાં કઈ કઈ કૃતિઓ આપી?: કલાપીનો કેકારવ, કલાપીની પત્રધારા, કાશ્મીરનો પ્રવાસ, માયા અને મુદ્રિકા (નવલકથા), હમીરજી ગોહિલ, હ્રદયત્રિપુટી, ભરત (ખંડકાવ્ય).

95. ગુજરાતી સાહિત્યમાં સુરતાની વાડીનો મીઠો મોરલો- તરીકે કોણ જાણીતું છે?- કલાપી

96. ગુજરાતી સાહિત્યમાં કવિવર તરીકે કોણ જાણીતું છે? – **ન્હાનાલાલ દલપતરામ**

97. ગુજરાતી સાહિત્યમાં ક્યાં પિતા-પુત્ર કવિ સાહિત્યકારે 101 વર્ષ સાહિત્યનું સર્જન કરી સાહિત્યની સેવા કરી?- નાનાલાલ- દલપતરામ

98. કવિ નાનાલાલ ક્યાં ઉપનામથી જાણીતા છે? પ્રેમભક્તિ

99. કવિ નાનાલાલનો જન્મ ક્યારે અને ક્યાં થયો હતો : 16 – 3 – 1877 , અમદાવાદ

100. કવિ નાનાલાલનું વતન ક્યું હતું? વઢવાણ

101. કવિ નાનાલાલની કીર્તિદા કૃતિઓ કઈ છે ? કૃતિઓ : કેટલાંક કાવ્યો ભાગ 1 – 3, ન્હાના ન્હાના રાસ (ભા. 1 – 3), ચિત્રદર્શનો, ગીતામંજરી, બાળકાવ્યો, મહેરામણનાં મોતી, વસંતોત્સવ, હરિદર્શન, હરિસંહિતા (ભા. 1 – 3), ઉષા, સારથિ, આપણાં સાક્ષરરત્નો.

102. ગુજરાતી સાહિત્યમાં પ્રજ્ઞાચક્ષુ સાહિત્યકાર કોણ છે? **પંડિત સુખલાલજી**

103. પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીએ ક્યાં ક્ષેત્રમાં ઉત્તમ પ્રદાન કર્યું છે? નિબંધ

104. સુખલાલજીનો જન્મ ક્યારે અને ક્યાં થયો હતો?: 8 – 2 – 1880 , લીમલી

105. સુખલાલજીની કૃતિઓ જણાવો?:મારું જીવનવૃત, યોગદર્શન, દર્શન અને ચિંતન, જૈન ધર્મનો પ્રાણ, વાદમહાર્ણવ, પ્રમાણમીમાંસા, જ્ઞાનબિંદુ, હેતબિંદુ.

106. ગુજરાતી સાહિત્યમાં ગુજરાત સાહિત્ય સભાની સ્થાપના કરનાર દૃષ્ટા તરીકે કોણ જાણીતું છે? **રણજિતરામ મહેતા**

107. ગુજરાતી સાહિત્ય પરિષદના સ્વપ્નદ્રષ્ટા – રણજિતરામ મહેતા

108. રણજિતરામ મહેતાના માનમાં ગુજરાતી સાહિત્યમાં ક્યો એવોર્ડ આપવામાં આવે છે? રણજિતરામ સૂર્વણચંદ્રક

109. રણજિતરામનો જન્મ ક્યારે થયો હતો : 25 – 10 – 1881 ,જન્મસ્થળ : સુરત

110. રણજિતરામની વિવિધ કૃતિઓ જણાવો ?: રણજિતકૃતિ સંગ્રહ, રણજિતરામના નિબંધો, લોકગીત, રણજિતરામ ગદ્યસંચય.

111. ગુજરાતી સાહિત્યમાં સવાયા ગુજરાતી તરીકે ક્યાં સાહિત્યકારને ઓળખવામાં આવે છે? – **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર ‘કાકાસાહેબ‘**

112. સવાઈ ગુજરાતીનું બિરુદ કોણે આપ્યું હતું? –ગાંધીજી

113. કાકા સાહેબ કાલેલકરનો જન્મ ક્યારે તથા ક્યાં થયો હતો? : 1 – 12 – 1885 ,મૃત્યુ : 21 – 8 – 1981 ,સતારા

114. કાકા સાહેબકાલેલકરે કઈ કૃતિઓનું સર્જન કર્યું ?ઓતરાદી દીવાલો, જીવનનો આનંદ, રખડવાનો આનંદ, જીવનલીલા, હિમાલયનો પ્રવાસ, જીવનભારતી, પૂર્વરંગ, જીવનસંસ્કૃતિ, જીવનચિંતન, જીવતા તહેવારો, ગીતા ધર્મ, જીવન
પ્રદીપ, સ્મરણયાત્રા.

115. કાકા સાહેબે મુખ્યત્વે ક્યાં ક્ષેત્રમાં પ્રદાન કર્યું ? નિબંધ

116. કાકાસાહેબ ગુજરાતમાં ક્યાં કાર્યરત હતો?- ગુજરાત વિદ્યાપીઠ- કલનાયક

117. ગુજરાતી સાહિત્યમાં **રામનારાયણ પાઠક** ક્યાં ઉપનામોથી જાણીતા છે? **સ્વૈરવિહારી-નિબંધ, દ્વિરેફ-વાર્તાકાર, શેષ-કાવ્ય,**

118. રા.વિ.પાઠકનો જન્મ ક્યારે થયો હતો? જન્મ : 8 – 4 – 1887 મૃત્યુ : 21 – 8 – 1955 જન્મસ્થળ : ગાણોલ ધોળકા)

119. રા.વિ. પાઠકની વિવિધ કૃતિઓ જણાવો?: દ્વિરેફની વાતો, શેષનાં કાવ્યો, કાવ્યની શક્તિ, સાહિત્ય વિમર્શ, કાવ્ય- સાહિત્યનાં વહેણો, સાહિત્યલોક, કાવ્ય પરિશીલન, મનોવિહાર, બૃહત પિંગળ, મધ્યમ પિંગળ, કુલાંગાર, ગોવિંદગમન, કાવ્યસમુચ્ચય.

120. ગુજરાતી સાહિત્યમાં અનાસક્ત, અવિચળ તરીકે કોણ જાણીતું છે? – **સ્વામી આનંદ**

121. સ્વામી આનંદનો જન્મ અને મૃત્યુ ક્યારે થયું હતું ?: 8 – 9 – 1887 મૃત્યુ : 25 – 1 - 1976 જન્મસ્થળ : શિયાણી

122. સ્વામી આનંદની પ્રસિદ્ધ કૃતિઓ કઈ છે?: ઈશુનું બલિદાન, ધરતીનું લૂણ, લોકગીતા, ભગવાન બુદ્ધ, ગાંધીજીનાં સંસ્મરણો, ઉત્તરાપથની યાત્રા, બચપણનાં બાર વરસ, રામાયણ, મહાભારત અને સંત કથા.

123. ગુજરાતી સાહિત્યના સ્વપ્નદ્રષ્ટા તરીકે કોણ જાણીતું છે?– **કનૈયાલાલ મુનશી**

124. કનૈયાલાલ મુનશીએ ક્યાં ઉપનામથી સાહિત્યનું સર્જન કર્યું હતું?- ઘનશ્યામ

125. કનૈયાલાલ મુનશીનો જન્મ અને મૃત્યુ ક્યારે થયું? જન્મ : 30 – 12 –1887 મૃત્યુ : 8 – 2 – 1971

126. કનૈયાલાલ મુનશીનું જન્મસ્થળ ક્યું છે : ભરૂચ

127. ક્યાં સાહિત્યકારે ભારતીય બંધારણની રચનામાં ડ્રાફ્ટીંગ કમિટિમાં એક સભ્ય તરીકે કાર્ય કર્યું હતું? કનૈયાલાલ મુનશી

128. ધંધે- પ્રસિદ્ધ વકીલ, કર્મે રાજનેતા, સાહિત્યકાર અને હૈદરાબાદ રાજ્યને ભારતમાં જોડવા માટેના સક્રિય વાર્તાકાર તરીકે ક્યા સાહિત્યકારે કાર્ય કર્યું હતું? - કનૈયાલાલ મુનશી

129. કનૈયાલાલ મુનશીની કૃતિઓ જણાવો?: વેરની વસૂલાત, કોનો વાંક , સ્વપ્નદ્રષ્ટા, તપસ્વિતી, પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ, જય સોમનાથ, કૃષ્ણાવતાર ખંડ 1 – 8 , લોપામુદ્રા, કાકાની શશી, ધ્રુવસ્વામિની દેવી, ગુજરાતની અસ્મિતા.

130. કાક- મંજરી,ના સર્જક તરીકે ક્યાં સાહિત્યકાર જાણીતા છે?- કનૈયાલાલ મુનશી

131. કાક- મંજરી કઈ કૃતિના પ્રસિદ્ધ પાત્રો છે? ગુજરાતનો નાથ

132. ગુજરાતી સાહિત્યમાં યુગદૃષ્ટા વાર્તાકાર તરીકે કોણ જાણીતું છે? –**રમણલાલ દેસાઈ**

133. રમણલાલ દેસાઈનો જન્મ અને મૃત્યુ ક્યારે થયા? : 12 – 5 – 1892 મૃત્યુ : 20 – 9 – 1954

134. રમણલાલ દેસાઈનું જન્મસ્થળ ક્યું છે? : શિનોર

135. રમણલાલ નિલકંઠની પ્રસિદ્ધ કૃતિઓ જણાવો?: કોકિલા, પૂર્ણિમા, ઠગ, દિવ્યચક્ષુ, પ્રલય, ભારેલો અગ્નિ, ગ્રામલક્ષ્મી : ભાગ 1 થી 4 , જયંત, શિરીષ, અપ્સરા, બાલા જોગણ, શંકિત હૃદય.

136. ગુજરાતી સાહિત્યમાં ચોટદાર વાર્તાઓ દ્વારા જાણીતા છે? **ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી - ધૂમકેતુ**

137. ગુજરાતી સાહિત્યની અનમોલ વાર્તા 'પોસ્ટઓફિસ'ના સર્જક કોણ છે ?– ગૌરીશંકર જોશી 'ધૂમકેતુ'

138. પોસ્ટ ઓફિસનો વિશ્વની અનમોલ વાર્તાઓના આલબ્મમાં કયા નામથી અનુવાદ થયો છે- The letter

139. ગૌરીશંકરનો જન્મ ક્યાં થયો છે?જન્મ : 12 – 12 – 1892 મૃત્યુ : 11 – 3 – 1965 જન્મસ્થળ : વીરપુર

140. ધૂમકેતુની વિવિધ કૃતિઓ જણાવો? કૃતિઓ : તણખા, ત્રિભેટો, વનવેણુ, સાંધ્યરંગ, વાર્તારત્નો, પૃથ્વીશ, ચૌલાદેવી, આમ્રપાલી, મહામાત્ય ચાણક્ય, ધ્રુવદેવી, ઇતિહાસની તેજમૂર્તિઓ, જિબ્રાનની જીવનવાણી, જીવન સ્વપ્ન.

141. ક્યાં ગુજરાતી સાહિત્યકાર રાષ્ટ્રીય શાયર તરીકે ઓળખાય છે?– **ઝવેરચંદ મેઘાણી**

142. ઝવેરચંદ મેઘાણીને રાષ્ટ્રિય શાયર તરીકે કોણે સંબોધ્યા હતો?- ગાંધીજી

143. ઝેરનો છેલ્લો કટોરો બાપુ પી જાજો- કાવ્ય કઈ ઘટના સાથે સંકળાયેલ છે?- બીજી ગોળમેજી પરિષદ

144. ઝવેરચંદ મેઘાણીનો જન્મ ક્યારે થયો? જન્મ : 17 – 8 – 1896 મૃત્યુ : 9 – 3 – 1946

145. ઝવેરચંદ મેઘાણીનું જન્મસ્થળ ક્યું છે : ચોટીલા

146. ઝવેરચંદ મેઘાણીની જાણીતી કૃતિઓ કઈ છે? : સૌરાષ્ટ્રની રસધાર, સોરઠી બહારવટિયા, સોરઠ તારાં વહેતાં પાણી, વસુંધરાનાં વહાલાંદવલાં, તુલસીક્યારો, વેવિશાળ, પ્રભુ પધાર્યા, માણસાઈના દીવા, રાણો પ્રતાપ, શાહજહાં, કંકાવટી, રઢિયાળી રાત, યુગવંદના, કુરબાનીની કથાઓ, સોરઠી સંતો, રવીન્દ્ર વીણા.

147. ગુજરાતી સાહિત્યમાં વિદ્યાના જીવ તરીકે કોણ જાણીતું છે?– **રસિકલાલ પરીખ**

રસિકલાલ પરીખનો જન્મ ક્યાં થયો હતો? જન્મસ્થળ : સાદરા

148. રસિકલાલ પરીખની વિવિધ કૃતિઓ જણાવો ?: કાવ્યપ્રકાશખંડન, નૃત્યરત્નકોશ કાવ્યાદર્શ : કાવ્યપ્રકાશ સંકેત, પુરોવચન અને વિવેચન (લેખસંગ્રહ), આકાશ ભાષતિ (વાયુ પ્રવચનો), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ (સંપાદન).

149. **જયંતિ દલાલ**નો જન્મ ક્યાં થયો હતો? જન્મસ્થળ : અમદાવાદ

150. જયંતિ દલાલની વિવિધ કૃતિઓ જણાવો ?: ધીમુ અને વીભા, પાદરનાં તીરથ (નવલકથા), ઝબુક્યાં, જવનિકા, અવતરણ, પ્રવેશ બીજો, પ્રવેશ ત્રીજો, પ્રવેશ ચોથો(નાટક), કાયા લાકડાંની માયા લૂગડાંની, બળવાખોર પિતાની તસવીર, ખભે પિછોડીને દીઠો ચાંદ.

151. ગુજરાતી સાહિત્યમાં સુન્દરમ્ ઉપનામથી ક્યાં કવિએ સર્જન કર્યું છે? **ત્રિભુવનદાસ લુહાર 'સુન્દરમ્'**

152. સુન્દરમ્ ઉપનામ ત્રિભૂવનદાસે ક્યાંથી લીધેલું છે? ગાંધીજીની આત્મકથામાં આવતા ગિરમિટીયા- સુન્દરમ પરથી

153. સુન્દરમ ક્યાંના વતની હતા? જન્મસ્થળ : મિંયા-માતર(ભરૂચ જિલ્લો)

154. સુન્દરમ્ ની જાણીતી કૃતિઓ કઈ છે?: કાવ્યમંગલા, વસુધા, યાત્રા (કવિતા), હીરાકણી અને બીજી વાતો, પિયાસી, ઉન્નયન (નવલિકા), અર્વાચીન કવિતા, સાહિત્યચિંતન (વિવેચન), પાવકનાં પંથે (નવલકથા), વાસંતી પૂર્ણિમા (નાટક), દક્ષિણાયન (પ્રવાસ).

155. ક્યાં સાહિત્યકારએ તેમના જીવનનો ઘણો સમય પોંડીચેરીમાં શ્રી અરવિંદના અંતેવાસી તરીકે ગાળ્યો હતો? સુંદરમ્

156. વિશ્વશાંતિના કવિ તરીકે ગુજરાતી સાહિત્યમાં કોણ જાણીતું છે? – **ઉમાશંકર જોશી**

157. ઉમાશંકર જોશીનું ઉપનામ શું છે? વાસૂકી

158. ઉમાશંકર જોશી નો જન્મ ક્યારે થયો હતો? : 27 – 7–1911 મૃત્યુ : 19– 12– 1988

159. ઉમાશંકર જોશીનું જન્મસ્થળ ક્યું છે : બામણા (ઉ.ગુજરાત)

160. ઉમાશંકર જોશીની પ્રસિદ્ધ કૃતિઓ કઈ છે? કૃતિઓ : વિશ્વશાંતિ, ગંગોત્રી, નિશીથ, આતિથ્ય, અભિજ્ઞા, ધારાવસ્ત્ર (કવિતા), શ્રાવણી મેળો, ત્રણ અર્ધું બે (નવલિકા), સાપના ભારા, શહીદ (એકાંકી), ઉઘાડી બારી, ગોષ્ઠિ (નિબંધ), તંત્રી-બુદ્ધિપ્રકાશ

161. ઉમાશંકર જોશીને કઈ કૃતિ માટે જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો? - નિશીથ

162. નિશીથ માટે કઈ સાલમાં જ્ઞાનપીઠ પુરસ્કાર આપવામાં આવ્યો? 1969

163. માત્ર સાત ચોપડી પાસ એવા ક્યાં સાહિત્યકારે ગુજરાતી સાહિત્યમાં નવલકથાનું ઘોડાપુર લાવી આપ્યું છે? **પન્નાલાલ પટેલ**

164. પન્નાલાલ પટેલનો જન્મ ક્યાં થયો હતો? જન્મ : 7-5-1912 મૃત્યુ : 6-4-1989 જન્મસ્થળ : માંડલી (હાલ રાજસ્થાન)

165. પન્નાલાલ પટેલની કીર્તિદા કૃતિઓના નામ જણાવો ?: મળેલા જીવ, માનવીની ભવાઈ, ના છૂટકે, પાછલે બારણે, નવું લોહી, પડઘા અને પડછાયા, પાર્થને કહો ચઢાવે બાણ (નવલકથા), જીવો દાંડ, પાનેતરના રંગ, ચીતરેલી દીવાલો (નવલિકા) અલપઝલપ (આત્મકથા)

166. અમાસના તારા ક્યાં લેખકની કૃતિ છે? – કિસનસિંહ ચાવડા

167. અમૃતા ક્યાં લેખકની કૃતિ છે? – રઘુવીર ચૌધરી

168. અહલ્યાથી ઇલિઝાબેથ ક્યાં લેખકની કૃતિ છે? – સરોજ પાઠક

169. આકાર ક્યાં લેખકની કૃતિ છે? – ચંદ્રકાન્ત બક્ષી

170. આગગાડી,નાટય ગઠરીયાં, બાંધ ગઠરિયાં, મંદાકિની ક્યાં લેખકની કૃતિ છે? – ચંદ્રવદન મહેતા

171. આપણો ધર્મ ક્યાં લેખકની કૃતિ છે? – આનંદશંકર ધ્રુવ

172. અખંડ દીવો ક્યાં લેખકની કૃતિ છે? – લીલાબહેન

173. અભિનય પંથે ક્યાં લેખકની કૃતિ છે? – અમૃત જાની

174. અભિનવનો રસવિચાર ક્યાં લેખકની કૃતિ છે? – નગીનદાસ પારેખ

175. અલગારી રખડપટ્ટી ક્યાં લેખકની કૃતિ છે? – રસિક ઝવેરી

176. કૃષ્ણનુ જીવનસંગીત ક્યાં લેખકની કૃતિ છે? – ગુણવંત શાહ
177. ખોવાયેલી દુનિયાની સફરે ક્યાં લેખકની કૃતિ છે?– યશંવત મહેતા
178. ગ્રામલક્ષ્મી (ભાગ ૧ થી ૪) ક્યાં લેખકની કૃતિ છે?– ર.વ.દેસાઇ
179. ગૃહપ્રવેશ ક્યાં લેખકની કૃતિ છે? – સુરેશ જોષી
180. ગુજરાતનો નાથ, પાટણની પ્રભુતા ક્યાં લેખકની કૃતિ છે? – ક.મા. મુનશી
181. ગોવિંદે માંડી ગોઠડી, સરાચરમાં ક્યાં લેખકની કૃતિ છે? – બકુલ ત્રિપાઠી
182. ગુજરાતી દલિતવાર્તાઓ ક્યાં લેખકની કૃતિ છે? – હરિશ મંગલમ્
183. ચહેરા ક્યાં લેખકની કૃતિ છે? – મધુ રાય
184. ચાલો અભિગમ બદલીએ,મારા અનુભવો ક્યાં લેખકની કૃતિ છે? – સ્વામી સચ્ચિદાનંદ
185. ચિહન ક્યાં લેખકની કૃતિ છે?– ધીરેન્દ્ર મહેતા
186. જનમટીપ ક્યાં લેખકની કૃતિ છે?– ઇશ્ર્વર પેટલીકર
187. જયાજયંત ક્યાં લેખકની કૃતિ છે?– ન્હાનાલાલ
188. જાતર ક્યાં લેખકની કૃતિ છે?– મફત ઓઝા
189. જીવનનું પરોઢ ક્યાં લેખકની કૃતિ છે?– પ્રભુદાસ ગાંધી
190. જિગર અને અમી ક્યાં લેખકની કૃતિ છે?– ચુનીલાલ શાહ
191. ઝેર તો પીધાં છે જાણી જાણી ક્યાં લેખકની કૃતિ છે? – મનુભાઇ પંચોળી
192. તણખા (ભાગ ૧ થી ૪) ક્યાં લેખકની કૃતિ છે?– ધૂમકેતુ
193. તપોવનની વાટે, ભજનરસ ક્યાં લેખકની કૃતિ છે?– મકરંદ દવે
194. થોડાં આંસુ થોડાં ફૂલ ક્યાં લેખકની કૃતિ છે?– જયશંકર સુંદરી
195. દક્ષિણાયન ક્યાં લેખકની કૃતિ છે?– સુન્દરમ્
196. દિગદિગંત ક્યાં લેખકની કૃતિ છે?– પ્રીતી સેનગુપ્તા
197. દ્વિરેફની વાતો ક્યાં લેખકની કૃતિ છે?– રા. વિ. પાઠક
198. નિશીથ,સમયરંગ ક્યાં લેખકની કૃતિ છે?– ઉમાશંકર જોષી
199. નીરખ નિરંજન ક્યાં લેખકની કૃતિ છે?– નિરંજન ત્રિવેદી
200. પ્રસન્ન ગઠરિયાં, વિનોદની નજરે ક્યાં લેખકની કૃતિ છે?– વિનોદ ભટ્ટ
201. બીજી સવારનો સૂરજ ક્યાં લેખકની કૃતિ છે?– હસુ યાજ્ઞિક
202. ભદ્રંભદ્ર, રાઇનો પર્વત ક્યાં લેખકની કૃતિ છે?– રમણભાઇ નીલકંઠ
203. મળેલા જીવ, માનવીની ભવાઇ ક્યાં લેખકની કૃતિ છે?– પન્નાલાલ પટેલ
204. માધવ કયાંય નથી મધુવનમાં ક્યાં લેખકની કૃતિ છે?– હરિન્દ્ર દવે
205. અશ્ર્વત્થ ક્યાં લેખકની કૃતિ છે?– ઉશનસ્
206. અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ ક્યાં લેખકની કૃતિ છે?– નારાયણ દેસાઇ
207. અંધારી ગલીમાં સફેદ ટપકાં ક્યાં લેખકની કૃતિ છે?– હિમાંશી શેલત
208. આત્મકથા (ભાગ ૧ થી ૫) ક્યાં લેખકની કૃતિ છે?– ઇન્દુલાલ યાજ્ઞિક
209. આપણો ઘડીક સંગ ક્યાં લેખકની કૃતિ છે?– દિગીશ મહેતા
210. એક ઉંદર અને જદુનાથ, લઘરો ક્યાં લેખકની કૃતિ છે?– લાભશંકર ઠાકર

211. ઊર્ધ્વલોક ક્યાં લેખકની કૃતિ છે?– ભગવતીકુમાર શર્મા
212. કલાપીનો કેકારવ ક્યાં લેખકની કૃતિ છે?– કલાપી
213. કુસુમમાળા ક્યાં લેખકની કૃતિ છે?– નરસીંહરાવ દિવેટીયા
214. કેન્દ્ર અને પરિઘ ક્યાં લેખકની કૃતિ છે?– યશવંત શુકલ
215. માણસાઇના દીવા, યુગવંદના ક્યાં લેખકની કૃતિ છે?– ઝવેરચંદ મેઘાણી
216. મિથ્યાભિમાન ક્યાં લેખકની કૃતિ છે?– દલપતરામ
217. મોરનાં ઇંડાં ક્યાં લેખકની કૃતિ છે?– કૃષ્ણલાલ શ્રીધરાણી
218. મોત પર મનન ક્યાં લેખકની કૃતિ છે?– ફિરોજ દાવર
219. મૂળ સોતાં ઊખડેલા ક્યાં લેખકની કૃતિ છે?– કમુબેન પટેલ
220. રંગતરંગ (ભાગ ૧ થી ૫) ક્યાં લેખકની કૃતિ છે? – જયોતિન્દ્ર દવે
221. રચના અને સંરચના ક્યાં લેખકની કૃતિ છે?– હરિવલ્લભ ભાયાણી
222. રાનેરી ક્યાં લેખકની કૃતિ છે?– મણિલાલ દેસાઇ
223. રેખાચિત્ર ક્યાં લેખકની કૃતિ છે?– લીલાવતી મુનશી
224. લીલુડી ધરતી ક્યાં લેખકની કૃતિ છે?– ચુનીલાલ મડિયા
225. વસુધા ક્યાં લેખકની કૃતિ છે?– સુન્દરમ્
226. વડવાનલ ક્યાં લેખકની કૃતિ છે?– ધીરુબહેન પટેલ
227. વનવગડાનાં વાસી ક્યાં લેખકની કૃતિ છે?– વનેચર
228. વનાંચલ ક્યાં લેખકની કૃતિ છે?– જયંત પાઠક
229. વિખૂટાં પડીને ક્યાં લેખકની કૃતિ છે?– અશ્વિન દેસાઇ
230. વિદિશા ક્યાં લેખકની કૃતિ છે?– ભોળાભાઇ પટેલ
231. વિદેશ વસવાટનાં સંભારણા ક્યાં લેખકની કૃતિ છે?– જિતેન્દ્ર દેસાઇ
232. વિવેક અને સાધના ક્યાં લેખકની કૃતિ છે?– કેદારનાથ
233. શર્વિલક ક્યાં લેખકની કૃતિ છે?– રસિકલાલ પરીખ
234. શિયાળાની સવારનો તડકો ક્યાં લેખકની કૃતિ છે?– વાડીલાલ ડગલી
235. શ્રેયાર્થીની સાધના ક્યાં લેખકની કૃતિ છે?– નરહરિ પરીખ
236. વ્યકિત ઘડતર ક્યાં લેખકની કૃતિ છે?– ફાધર વાલેસ
237. સત્યના પ્રયોગો, હિંદ સ્વરાજય ક્યાં લેખકની કૃતિ છે?– ગાંધીજી
238. સરસ્વતીચંદ્ર ક્યાં લેખકની કૃતિ છે?– ગોવર્ધનરામ ત્રિપાઠી
239. સમૂળી ક્રાન્તિ ક્યાં લેખકની કૃતિ છે?– કિશોરલાલ મશરૂવાળા
240. સાવજકથાઓ ક્યાં લેખકની કૃતિ છે?– કનૈયાલાલ રામાનુજ
241. સાત એકાંકી ક્યાં લેખકની કૃતિ છે?– તારક મહેતા
242. સુદામા ચરિત્ર ક્યાં લેખકની કૃતિ છે?– નરસિંહ મહેતા
243. સોનાનો કિલ્લો ક્યાં લેખકની કૃતિ છે?– સુકન્યા ઝવેરી
244. સાત પગલાં આકાશમાં ક્યાં લેખકની કૃતિ છે?– કુંદનિકા કાપડિયા
245. સિદ્ધહેમશબ્દાનુશાસન ક્યાં લેખકની કૃતિ છે?– હેમચંદ્રાચાર્ય

246. હિમાલયનો પ્રવાસ ક્યાં લેખકની કૃતિ છે?– કાકા કાલેલકર

247. ગુજરાતમાં સાહિત્યિક આબોહવા પ્રગટાવવા ગુજરાતના સંસ્કાર પુરુષ રણજિતરામ વાવાભાઈના નિષ્ઠાભર્યા પ્રયત્નોથી ઈ.સ.૧૯૦૫માં ગુજરાતી સાહિત્ય પરિષદ અસ્તિત્વમાં આવી.

248. પરિષદના પ્રથમ સંમેલનના પ્રમુખ તરીકે મહાન નવલકથાકાર ગોવર્ધનરામ મા. ત્રિપાઠીની સેવા સાંપડી.

249. ઈ.સ.૧૯૨૦ સુધી રણજિતરામ પરિષદના ચાલકબળ હતા.

250. ઈ.સ.૧૯૨૦થી રમણભાઈ નીલકંઠ અને આનંદશંકર ધ્રુવની પ્રેરણા અને ઉષ્મા પરિષદને છેક ઈ.સ.૧૯૨૮ સુધી પ્રાપ્ત થયાં.

251. ઈ.સ.૧૯૨૮થી ૧૯૫૫ સુધી પરિષદનું સુકાન કનૈયાલાલ મુનશીએ સંભાળ્યું હતું.

252. અમદાવાદમાં ઈ.સ.૧૯૩૬માં યોજાયેલું બારમું પરિષદ-સંમેલન મહાત્મા ગાંધીજીના પ્રમુખપદ અને કવિવર રવીન્દ્રનાથ ટાગોરના અતિથિવિશેષપદથી અવિસ્મરણીય બની રહ્યું.

253. ઈ.સ.૧૯૫૫માં ગોવર્ધનરામની જન્મભૂમિમાં અને એમની જન્મશતાબ્દીના વર્ષમાં પરિષદ પુનર્જન્મ પામી. એ પછી સાહિત્ય પરિષદના સભ્યો દ્વારા ચૂંટાયેલા હોદ્દેદારો દ્વારા તેનું સંચાલન થાય છે.

254. ઉમાશંકર જોશી અને યશવંત શુક્લએ સાહિત્ય પરિષદના લોકશાહી સ્વરૂપની માવજતમાં ઊંડો રસ લીધો અને સંસ્થાને આજીવન સેવા આપીને પરિષદનું નૂતન લોકાભિમુખ સ્વરૂપ વિકસાવ્યું.

255. ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં કામ કરતી શિક્ષણ અને સંસ્કારની વિશિષ્ટ સંસ્થાઓમાં પરિષદનાં યોજાયેલાં ૨૩ જ્ઞાનસત્રો તેની ફલશ્રુતિ છે.

256. મનુભાઈ પંચોળી-દર્શકે પરિષદ-પ્રમુખ તરીકે સહૃદય દાતાઓના સંપર્કની મોટા પાયે પહેલ કરી અને સાહિત્ય પરિષદના હાલના ‘ગોવર્ધનભવન’ના પાયા નંખાયા.

257. 'દર્શક'ની જીવનદ્રષ્ટિ સાથે સંકળાયેલા રઘુવીર ચૌધરીએ ઈ.સ. ૧૯૭૫થી પરિષદના મંત્રી તરીકે અને પછી ક્રમશ: ટ્રસ્ટી તથા પ્રમુખ રૂપે સક્રિય રહીને પરિષદ સાથે સતત નિસબત દાખવી છે.

258. પરિષદના ગોવર્ધનભવનમાં પૂર્વે કોશકાર્યાલય દ્વારા અને પછીથી પરિષદના ‘કસ્તુરભાઈ લાલભાઈ સ્વાધ્યાયમંદિર (ક.લા.સ્વાધ્યાયમંદિર)’ દ્વારા ગુજરાતી ભાષાસાહિત્યના સંશોધન -સંપાદન - વિવેચનના મહત્ત્વના ગ્રંથો પ્રકાશિત થયા.

259. પરિષદનું ‘ચીમનલાલ મંગળદાસ જાહેર ગ્રંથાલય’ પ્રશિષ્ટ ગ્રંથો, ગ્રંથ સંગ્રહો અને સામયિકો સંદર્ભે સમૃધ્ધ થયું.

260. પરિષદના મુખપત્ર ‘પરબ’નું સ્વરૂપ બદલાયું અને તે સાહિત્ય સર્જન- વિવેચન અને સંશોધનના ધ્યાનપાત્ર માસિક તરીકે સ્થિર થઈને પ્રતિષ્ઠા પામ્યું.

261. ‘પરબ’ના તંત્રી-સપાદક તરીકે ભોળાભાઈ પટેલની દીર્ઘકાળ સેવા મળી.

262. મહાન સર્જકોના નામે ગુપ્તદાન આપવાની પ્રણાલી શ્રી બળવંતભાઈ પારેખે આરંભી અને જાળવી.

263. પરિષદ-પ્રમુખો વિનોદ ભટ્ટ અને ધીરુભાઈ ઠાકરે પરિષદનો આર્થિક ભાર હળવો કર્યો છે તો

264. નિરંજન ભગતે સાહિત્યનાં વૈશ્વિક ધોરણોની યાદ તાજી રખાવી છે.

265. પરિષદના શતાબ્દી-સંમેલનના પ્રમુખ તરીકે સુશ્રી.ધીરુબેન પટેલ જેવા સર્જક અને સાંસ્કૃતિક દાયિત્વ ધરાવતાં મહિલાની વરણી થઈ - એ સમગ્ર ગુજરાતીભાષી પ્રજા માટે આનંદ અને ગૌરવદાયી ઘટના છે.

266. અમદાવાદમાં એનું પહેલું સંમેલન ૧૯૦૫માં યોજાયું હતું.

267. ઈ.સ.૧૯૫૫માં એના પ્રથમ પ્રમુખ ગોવર્ધનરામની જન્મભૂમિમાં અને એમની જન્મશતાબ્દીમાં ક.મા.મુનશીની સંમતિ સાથે પરિષદ પુનર્જન્મ પામી.

268. નવી પરિષદનું પ્રથમ સંમેલન ઈ.સ.૧૯૫૬માં કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપદે અમદાવાદમાં યોજાયું અને એ રીતે અમદાવાદમાં જ જન્મેલી પરિષદ દ્વિજ બની.

269. ગુજરાતી સાહિત્ય પરિષદના હાલના પ્રમુખ કોણ છે? - ભગવતીકુમાર શર્મા

270. ગુજરાતી સાહિત્યના ઉપપ્રમુખ કોણ છે? - વર્ષા અડાલજા, અનિલા દલાલ

271. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના ૨૬ ડિસેમ્બર, ૧૮૪૮ના રોજ ફાર્બસ સાહેબે અમદાવાદમાં કરી હતી.

272. ૪ એપ્રીલ, ૧૮૪૯ના રોજ આ સંસ્થાએ 'વરતમાન' (અઠવાડિક) પ્રગટ કર્યું.

273. ૧૫ મે, ૧૮૫૦ના રોજ 'બુદ્ધિપ્રકાશ' (પખવાડિક) શરૂ કર્યું. આજે પણ 'બુદ્ધિપ્રકાશ' (માસિક) પ્રગટ થાય છે.

274. ઇ.સ. ૧૮૪૯માં 'નેટિવ લાઇબ્રેરી'ની સ્થાપના કરવામાં આવી. અમદાવાદના ભદ્ર વિસ્તારમાં આવેલું આ પુસ્તકાલય હિમાભાઇ ઇન્સ્ટિટયૂટ તરીકે પ્રખ્યાત છે.'

275. ગુજરાત વર્નાકયુલર સોસાયટી' નું પછી 'ગુજરાત વિદ્યાસભા'માં રૂપાંતર થયું.

276. ગુજરાતી ભાષા સાહિત્યના વિકાસ અને ઉન્નતિના ઉદ્દેશથી વડોદરામાં ઇ.સ. ૧૯૧૬માં 'વડોદરા સાહિત્ય સભા' ની સ્થાપના થઇ.

277. વડોદરા સાહિત્ય સભાએ ઇ.સ. ૧૯૪૪માં 'પ્રેમાનંદ સાહિત્ય સભા' નામ ધારણ કર્યું.

278. સાહિત્યોપયોગી જ્ઞાનવર્ધક વ્યાખ્યાનો, સાહિત્યિક ગ્રંથોનું
પ્રકાશન તેમજ સાહિત્યકારોની જયંતિઓની ઉજવણી આ સંસ્થા કરે છે.

279. ઇ.સ. ૧૯૨૩માં સુરતમાં 'ગુજરાતી સાહિત્ય મંડળ' ની સ્થાપના થઇ.

280. ગુજરાતી સાહિત્ય મંડળ સાથે ઇ.સ. ૧૯૩૯માં નર્મદનું નામ સંકળાતા તે 'નર્મદ સાહિત્ય સભા' બની.

281. આ સંસ્થાએ મહોત્સવ, સમારોહ જેવા કાર્યક્રમો અને ઉત્સવો યોજી ગુજરાતી સાહિત્ય અને કલાની આરાધના કરી છે.

282. આ સંસ્થા ઇ.સ. ૧૯૪૦ થી 'નર્મદ સુવર્ણચંદ્રક' એનાયત કરે છે.

283. ફાર્બસ ગુજરાતી સભા ગુજરાતી ભાષાનાં પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોના સંગ્રહના આશયથી ઇ.સ. ૧૮૬૫માં સંસ્થા સ્થપાઇ હતી.

284. આ સંસ્થાને ધર્મ, સાહિત્ય, વિજ્ઞાન અને સંશોધન ક્ષેત્રે ૭૫ જેટલાં પ્રકાશનો પ્રસિદ્ધ કર્યાં છે.

285. સંસ્થાને ઇ.સ. ૧૯૩૨થી પોતાના મુખપત્ર 'ફાર્બસ ગુજરાતી સભા' ત્રૈમાસીક પત્રનું પ્રકાશન શરૂ કર્યું હતું,

286. ગુજરાત રાજય સંચાલિત 'ગુજરાત સાહિત્ય અકાદમી' ની સ્થાપના ઇ.સ. ૧૯૮૨માં થઇ.

287. ગુજરાત સાહિત્ય અકાદમી વર્ષ દરમિયાન પ્રગટ થયેલી કૃતિઓમાંથી સારી કૃતિને પુરસ્કાર આપે છે અને સર્જકોનું બહુમાન કરે છે.

288. આ ઉપરાંત સાહિત્ય સર્જન તથા સંશોધન માટે ફેલોશિપ, પરિસંવાદ, કાર્યશિબિર, ગ્રંથપ્રકાશન વગેરે પ્રવૃતિઓ કરે છે.

289. સંસ્થાનું મુખપત્ર 'શબ્દસૃષ્ટિ' નિયમિત પ્રગટ થાય છે.